

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ફૂટી ગયા ફટાકા ફરી એ જ બળદ ને ઘાણી છે*
*મોંઘવારીને તાવડે ફૂટતી ફરી એ જ ધાણી છે*
*ભાણી છે બેન્કલોનો, વ્યાજ, હપ્તા અને ઉઘરાણી*
*વિચાર્યા વિના કરી ઉધારી ને પછેડી તાણી છે*

### હાઈકુ

*રહી સુગંધ*
*હોલવાયા દીપક*
*બળેલી વાટે...*
*(સ્નેહભીનાં સંસ્મરણ)*

*પ્રકાશ પછી*
*રહ્યો કચરો - વાસ,*
*દારૂખાનાની...*
*(ઘડીભરનો આનંદ)*

### ચિંતન

**ન ભીમાસ્ય ગુરવઃ ।**

**ગુરુજનોની મિમાંસા ના કરવી.**

**માતા-પિતા, શિક્ષણ, ગુરુ કે વડીલોનાં છિદ્રો એટલે કે દોષો ના નિહાળવા જોઈએ, એમના પ્રત્યે તો શ્રદ્ધા અને આદર જ કેળવવાં જોઈએ, જેથી જીવનમાં સાચું માર્ગદર્શન મળે. એમના દોષ નિહાળવાની વૃત્તિ કેળવવી એ નરી મૂર્ખતા છે.**

**માનવ માત્ર ભૂલને પાત્ર, દરેકનાં કંઈ ને કંઈક તો દોષ હોય છે જ, ખરેખર તો બાળક-શિષ્યોએ પોતાના વડીલ-ગુરુના સદ્‌ગુણો જ જોવા જોઈએ.**

**વળી 'ગુરુ' વ્યક્તિ તરીકે જોવાં કરતાં તેમના રહેલું 'ગુરુતત્ત્વ' જે શરીરથી પર છે પણ ઈશ્વર તત્ત્વની ખૂબ નજીક છે એની રીતે તેમનામાં પૂજ્યભાવનું આરોપણ કરવું.**

### સુવિચાર

- સુખ ઈચ્છાઓને સીમિત કરવામાં છે, તેને તૃપ્ત કરવાની કોશિશ કરવામાં નહિં - **જોન સ્ટુઅર્ટ**
- જે મનુષ્ય પ્રસંગાનુસાર બોલે છે,
  સ્વાભાવાનુસાર પ્રિય બને છે અને શક્તિ અનુસાર ગુસ્સો કરે છે તે શાણો છે - **હિતોપદેશ**
- શાણપણ એક જાતની સમૃદ્ધિ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- કોઈ પણ વસ્તુનો નિર્ણય કરવાને માટે ત્રણ વસ્તુની જરૂર છે,
  એક તો અનુભવ, જ્ઞાન અને નિર્ણય ને અભિવ્યક્તિ કરવાની ક્ષમતા - **સુકરાત**
- કર્મ હંમેશા સુખ ન આપી શકે, પણ કર્મ વગર પણ સુખ નથી મળતું - **ડિઝરાયેલી**
- તપ અને બ્રહ્મચર્ય એટલે જળ વગરનું સ્નાન છે - **મહાવીર**
- આજનું ઔષધ : એક ચમચી કારેલાના રસમાં ખડી સાકર મેળવીને પીવાથી હરસ-મસા મટી જાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સિકંદરે ઈરાનના રાજા દારાને હરાવ્યો એટલે તે વિશ્વ વિજેતા ગણાવા લાગ્યો. વિજય પછી વિજય સરઘસ કાઢવામાં આવ્યું. આખા રસ્તે પસાર થતા સિકંદરે જોયું તો રસ્તાની બેઉ બાજુ લોકો હારબંધ ઊભા રહીને મસ્તકને નમાવીને સમ્રાટનું અભિવાદન કરી રહ્યા હતા. તેવામાં રસ્તામાં સિકંદરે કેટલાક ફરીરો સામેથી આવતા જોયા. સિકંદરને લાગ્યું કે તે ફકીરોને પણ મસ્તક નમાવીને તેનું અભિવાદન કરશે પણ એકેય ફકીરે સિકંદર સામે જોયું પણ નહિ. પોતાનું આવું અપમાન સહન ન થતાં સિકંદરે સિપાઈઓને તે ફકીરોને પકડી લાવવા કહ્યું. સિપાઈઓ ફકીરોને હાજર કર્યા એટલે સિકંદરે ફકીરને પૂછ્યું, 'શું તમે નથી જાણતા કે હું વિશ્વવિજેતા સિકંદર છું ? મારું અપમાન કરવાની હિંમત તમે કેવી રીતે કરી ?' એક ફકીરે જવાબ આપ્યો, 'કયા મિથ્યા વૈભવને જોરે તું આટલું બધું અભિમાન કરે છે સિકંદર ? જે અહંકાર તારા માથા પર સવાર છે, તે અમારા ચરણોનો ગુલામ છે. અમારા ગુલામનો પણ ગુલામ થઈને તું અમારી સાથે બરાબરીની વાત કેવી રીતે કરી શકે છે ? આ તે કેવી મોટાઈ છે?' ફકીરનો જવાબ સાંભળી સિકંદરને થયું કે તે સંપત્તિ પર તો વિજય મેળવી શકે છે પણ જયાં સુધી અહંકાર પર વિજય નહિ મેળવે ત્યાં સુધી તે વિશ્વવિજેતા કહેવાઈ ન શકે.

# ખાઈ મોટી થઈ રહી છે

**તંત્રીસ્થાનેથી...**

આપણે જયારે તાજમહાલ જોઈને અભિભૂત થઈ જઈએ છીએ ત્યારે ભાગ્યે જ એવો વિચાર આવતો હોય છે કે શાહજહાંની જેમ સામાન્ય માનવી એની પત્ની કે પ્રિયતમાની સ્મૃતિમાં આવી ભવ્ય ઈમારત નથી બનાવી શકતો. પરંતુ કોઈ નવધનિક બિલ્ડર એની પ્રિય પુત્રીનાં લગ્નની મોંઘી કંકોતરી લઈને આવે ત્યારે આપણો આંતરિક 'ઈગો' જરૂર ગોપનીય પીડા અનુભવતો હોય છે. ગઈ કાલ સુધી આપણા જેવા કૉમનમેન હતો એ જ આ માણસ એની આર્થિક સ્થિતિ સધ્ધર બનતાં હવે આપણને કોઈ જુદી દુનિયાનો માનવી લાગવા માંડે છે. સર્વે ગુણાઃ કાંચનમ્ આશ્રયનો - 'સોનામાં સો ગુણ' વાળી લોકવાયકા આર્થિ રીતે સમાજનું વિભાજન કરી મૂકે છે. એથી જે ખાઈ ઊભી થાય છે તે માણસ માણસ વચ્ચેના સ્નેહસંબંધને પણ લૂણો લગાડે છે. દિવાળીના સપરમા દિવસો દરમિયાન પણ આ ખાઈ વધુ સ્પષ્ટ બનતી હોય છે. સુખિયાં લોક હવે ઘરે દિવાળી નથી કરતાં. અગાઉ 'પરદેશ' વેઠતા ગ્રામજનો દિવાળી ઊજવતા વહાલા વતનમાં પહોંચી જતા અને વરસ આખું અવાવરું પડી રહેલાં ખોરડાં ઝળહળી તેમ જ ધણીધણી ઊઠતાં. હવે એ ક્રમ ઊલટાયો છે. લોકો 'ગૃહત્યાગ' કરી કોઈ હિલ સ્ટેશન કે એકાંત સ્થળે પહોંચી જવાનું પસંદ કરે છે. જેમની પાસે વધુ પડતાં નાણાંની સગવડ નથી એ જ ઘરે રોકાઈને દિવાળી ઊજવે છે. એ જ પ્રમાણે હવે લગ્નોની સીઝન ચાલુ થશે ત્યારે ઘર આંગણે માણેકથંભ રોપીને અને માંડવો બાંધીને તો આર્થિક રીતે થોડા નબળા લોકો જ દીકરીને વળાવશે. મોટા ભાગના પરિવારને પાર્ટીપ્લોટ જ અનુકૂળ આવી ગયા છે. બધું બારોબાર પતી જાય અને લાડકવાયી દીકરી પણ બારોબાર ત્યાંથી જ સાસરિયે પરવરે. જેમ વધુ સમૃદ્ધિ તેમ ઝાઝા વરણાગીવેડા. મૂકેશ અંબાણીની દીકરી ઈશા અંબાણીનાં લગ્નની કંકોતરી પર સોનાની એમ્બ્રોઈડરી કરવામાં આવી છે. બૉક્સ આકારની કંકોતરીમાં હિંદુ સંસ્કારો મુજબના ગાયત્રીમંત્રનું ધ્વન્યારોપણ થયું છે. રિંગ સેરિમની વગેરે વિદેશના કોઈ દૂરવર્તી ટાપુ પર થાય, લગ્ન પોતાના ભવ્ય નિવાસસ્થાને યોજાય. દુનિયાભરના માલેતુજારોની આંખો પહોળી થઈ જાય એવી ભવ્યતા, એવું સંપત્તિનું પ્રદર્શન. કદાચ આ ધનકુબેરો માટેની સામાજિક અનિવાર્યતા હશે. પરંતુ જે દેશના તેઓ નાગરિક છે એનો સરેરાશ માનવી તો એની દીકરીના લગ્ન પાછળ પેટે પાટા બાંધીને સાચવેલી રકમ વાપરે છે. કહેવા પૂરતા આપણે કહેતા ફરીએ છીએ કે આ દેશમાં તમામ નાગરિક 'સમાન' છે. કયાં છે આ સમાનતા ? મૂકેશ અંબાણીથી લઈ ફૂટપાથ પર કે ઝૂંપડપટ્ટીમાં રહેતો હિંદુસ્તાની લોકશાહીની વ્યાખ્યા મુજબ તો સમાન જ છે; એ બંધારણ મુજબ સમાન અધિકારો ધરાવે છે. પરંતુ વાસ્તવિકત પરિસ્થિતિ કેવી બીકાળવી લાગે છે! દીકરીના કરિયાવર ખાતર ઘર-ખેતર વેચવા તૈયાર થનાર ગરીબ ખેડૂતને આધુનિક શાહજહાં એવા શ્રેષ્ઠી મહાજનો સાથે થોડો સરખાવી શકાશે ? મૂડીવાદી જીવનશૈલીની આ જ સરજત છે. નહીંતર ધીરુભાઈ અંબાણીનાં લગ્નની કંકોતરી એમની પૌત્રીનાં લગ્નની કંકોતરી સાથે સરખાવવા બેસે તો ખુદ કોકિલાબેન બેહોશ જ બની જાય!

# મહારાજા ભગવતસિંહજી : પ્રજાવત્સલ રાજવી



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

દેશી રજવાડાઓનો ઈતિહાસ આમ તો બહુ ઉજળો નથી. વૈભવી ખર્ચાઓ તેમજ અન્યાયી જોહૂકમીને કારણે દેશી રાજ્યોની રૈયત પીડાતી તેમજ પીસાતી હતી. કોઈને પણ રાજવીઓની ટીકા કરવાનો હક્ક ન હતો. રાજકોટના યાદગાર સત્યાગ્રહમાં ગાંધીજીને પણ સ્થાનિક રાજવી સામે સત્યાગ્રહનું શસ્ત્ર ઉગામવાની ફરજ પડી હતી. આજ રીતે એક અસરકારક અવાજ રાણપુરથી પણ પ્રગટ થયો હતો. સૌરાષ્ટ્રના સિંહ સમાન પત્રકાર અમૃતલાલ શેઠે આવા જૂલ્મી તથા અન્યાયી રાજ્યકર્તાઓના દુષ્કૃત્યો જગત સામે 'સૌરાષ્ટ્ર' અખબારના માધ્યમથી રજૂ કર્યા હતા. જોકે ઘણાં રાજવીઓ તેમાં અપવાદરૂપ હતા. આવા રાજવીઓએ એકાદ સદી પહેલા પણ ઉમદા વહીવટીતંત્રના માધ્યમથી પ્રજાની સુખાકારીનું ધ્યેય સિધ્ધ કર્યું હતું. તેઓએ પ્રજાવત્સલ રાજવી તરીકે અનેક પ્રકારના પ્રજાલક્ષી પગલા ભર્યા હતા. આજે પણ આવા રાજવીઓએ કરેલા નિર્ણયો પ્રસ્તુત તથા માર્ગદર્શક બને તેવા છે. ગોંડલના રાજવી ભગવતસિંહજી આવા એક પ્રતાપી તથા પ્રભાવી રાજવી હતા. ૧૮૬૫ની ૨૪મી ઓક્ટોબરે ધોરાજીમાં જન્મ લેનાર મહારાજા ભગવતસિંહજીની સ્મૃતિ આ માસમાં વિશેષ થાય છે.

ગોંડલ રાજ્યના લોકોને જાણકારી હતી કે તેમના મહારાજા બે ઘોડાની બગીમાં નગરયાત્રાએ નીકળતા હતા. પોતાના શાસનકાળમાં આ રાજવીને મોટરકારોની કમી ન હતી. પરંતુ ખુલ્લી બગીમાંથી ખુલ્લી આંખે નગરની દરેક બાબતનું વિશેષ સ્પષ્ટ દર્શન થઇ શકે. બગીની ઝડપ પણ કારના પ્રમાણમાં ઓછી હોય તેથી જે બાબતો જુએ તેની સુરેખ છાપ મનમાં નોંધી શકાય તેવી પણ આ વિચક્ષણ રાજવીની માન્યતા હશે. આ સંદર્ભમાં નોંધાયેલી એક ઘટના શાસકની ન્યાયપ્રિયતા તથા કાનૂનની મર્યાદામાં રહીને વર્તન કરવાની રૂડી રીતભાતનો પરિચય આપે છે. જાહેર રસ્તાઓ પર થતા નાના મોટા અકસ્માતો એ રોજિંદી ઘટના છે પરંતુ ગોંડલ તથા ભગવતસિંહજીના સંદર્ભમાં નોંધાયેલી આ હકીકત વિશેષ છે. મહારાજાની બગી તેની સામાન્ય ઝડપે એક વળાંકવાળા રસ્તા પર જતી હતી. તે સમયેજ સામેથી આવતી એક ટ્રક મહારાજાની બગી સાથે અથડાઈ. ટ્રકની તાકાતને કારણે બગી ઊથલી પડી. બગી સાથે જોડવામાં આવેલા બન્ને ઘોડા પણ ઈજાગ્રસ્ત થયા. આ પ્રસંગે રાજવીએ પોતાની સ્વસ્થતા સહેજ પણ ગુમાવી નહિ. રાજવીના મુખ પર કે શબ્દોમાં પણ કોઈ ક્રોધની અભિવ્યક્તિ ન થઈ. રાજવી માટે બીજી બગીની વ્યવસ્થા તરતજ કરવામાં આવી. ભગવતસિંહજી તે બગીમાં બેસીને સ્વાભાવિક ક્રમમાંજ પોતાના કામના આગળના ક્રમમાં પરોવાયા. પરંતુ રાજ્યના તંત્રને આવી ઘટના કેવી રીતે ગળે ઉતરી શકે ? મહારાજાની બગીને ટક્કર મારનાર ડ્રાઈવરે તો સજા ભોગવવી જ રહી તેવી તંત્રની માન્યતા સહજ હતી. ડ્રાઈવરને વિના વિલંબે પકડી લેવામાં આવ્યો. મહારાજા સમક્ષ બીજા દિવસે દરબારમાં તેને રજૂ કરવામાં આવ્યો. ડ્રાઈવર સ્વાભાવિક રીતેજ ડરના કારણે ધ્રૂજતો હતો. રાજવીએ નિર્ણય સંભળાવતાં કહ્યું : ''અકસ્માત થયો તેમાં દોષ ટ્રક ડ્રાઈવરનો નથી. તે તો રાઈટ સાઈડ પર જ હતો. અમારી બગી રોંગ સાઈડે હતી. તેને છોડી મૂકો.'' ગોંડલના નરેશનું આ વલણ તેમના વહીવટમાં ન્યાયપ્રિયતાના ઉચ્ચ ધોરણોનું જ્વલંત ઉદાહરણ આપે છે. શાસનમાં હોય તે લોકો જો કાયદાની વ્યવસ્થા મજબૂત તથા છીંડા વગરની બનાવવા માગતા હોય તો તેની શરૂઆત તેઓ જાતથી કરે તે વિશેષ અસરકારક બને છે.

કેળવણીના ક્ષેત્રમાં વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ તથા ગોંડલ નરેશ ભગવતસિંહજીનું પ્રદાન ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલી ઘટનાઓ છે. કન્યા કેળવણી ગોંડલ રાજ્યમાં ફરજિયાત તથા નિશુલ્ક હોવાથી મહિલાઓની જાગૃત્તિના એક નૂતનયુગનો પ્રારંભ ગોંડલ રાજ્યમાં થયો. શાળાના પાઠય પુસ્તકો સુયોગ્ય હોય તેની તકેદારી મહારાજા પોતે રાખતા હતા. ખરા અર્થમાં મહારાજા શિક્ષણનો જીવ હતા. રાજ્યના શિક્ષણની ગુણવત્તામાં સુધારો થાય તે હેતુથી તેમણે ખાસ વાંચનમાળા તૈયાર કરાવી હતી. બાળકોમાં સામાન્ય જ્ઞાન વધે તે સાથેજ તેમના સ્વદેશપ્રેમ તથા જાગૃત્તિ નાની વયથીજ કેળવાય તેની તકેદારી આવા પ્રયાસો પાછળ કેન્દ્રમાં રહેતી હતી. ગોંડલમાં કેળવણીની મજબૂત પ્રથા ઊભી કરવામાં મહારાજાની દ્રષ્ટિ તથા રાજ્યના શિક્ષણ વિભાગના અગ્રણી ચંદુલાલ બહેચરલાલ પટેલની નિષ્ઠાયુકત કર્મઠતા પાયારૂપ બાબતો હતી.

મહારાજા ભગવતસિંહજીએ માત્ર માતૃભાષા ગુજરાતીમાં સર્વાંગ તથા સંપૂર્ણ કોશની રચનાજ કરી હોત તો પણ આ રાજવી ઈતિહાસમાં અમર થયા હોત. અઢી દાયકાના સતત પ્રયાસો પછી ભગવદ ગોમંડલની અમૂલ્ય ભેટ સમાજને મળી છે. ભગવદ્ ગોમંડલ એ આપણી ભાષા તેમજ સાહિત્ય માટે ઘરેણા સમાન અમૂલ્ય ગ્રંથો છે. દરેક ગુજરાતી તે માટે સદાકાળ ગૌરવ અનુભવી શકે છે. મહારાજાના ઉચ્ચકોટિના વિદ્યાવ્યાસંગ સિવાય આવા કાર્યો થઈ શકે નહિ. ભગવદ ગોમંડળ આપણો ઉજળો વારસો છે.

રાજ્યશાસ્ત્ર તેમજ કલ્યાણ રાજ્યના અભ્યાસુઓ માટે ભગવતસિંહજીનો રાજ્યકાળ હમેશા રસનો વિષય રહેશે તે નિઃશંક છે. સંવેદનશીલ, કરકસરયુક્ત તથા પ્રજા કલ્યાણને કેન્દ્રમાં રાખીને ઠાકોર સાહેબે વહીવટી માળખું ગોઠવ્યું હતું. મહારાજા ભગવતસિંહજીના આ ઉજળા શાસનકાળની સ્મૃતિ સદાકાળ પ્રેરણારૂપ બને તેવી સમૃધ્ધ તથા ઉજ્વળ છે. ભગવતસિંહજીના રાજ્ય સંબંધે પ્રજાની સાર્વત્રિક લાગણી નીચેના શબ્દોમાં વ્યક્ત થાય છે.

બયાને સાદગી સુનલો ભલે ભૂપાલ ભગવત કી,
કે દેખા સાદી પઘડી મેં નિરાલા રંગ ગોંડલ કા.

સાદું જીવન તથા ઉચ્ચ વિચાર ગોંડલ નરેશના જીવનની અભિન્ન બાબતો હતી. તેમના રાજ્ય વહીવટની અનેક બાબતો આજે પણ પ્રસ્તુત ગણાય તેવી છે. શાસન તથા વહીવટકર્તાઓ માટે ગોંડલ રાજ્યનો વહીવટ એ રોલ મોડલ સમાન છે.

# કિસી રોતે હુએ બચ્ચે કો હસાયા જાયે



**વિચારયાત્રા**

ડો. જય ઓઝા

આપણે કાંઈ બહુ ઝાઝુ કરી શકીએ તેમ નથી...
કારણ કે આપણે દુર્બળ છીએ અને આપણું જ્ઞાન અલ્પ છે,
પણ રસ્તે જતા કયારેક આપણે બીજાના માથાનો ભાર ઊંચકી શકીએ છીએ...
અને કયારેક સહાયનો હાથ લંબાવી શકીએ છીએ.
આપણે કાંઈ બહુ ઝાઝુ કરી શકીએ તેમ નથી,
કારણ કે આપણે આખો દિવસ કામમાં રોકાયેલા હોઈએ છીએ...
પણ આપણા માર્ગે જતા કયારેક બીજાને મળવાનો સમય કાઢી શકીએ.
આપણે કાઈ ઝાઝુ કરી શકીએ તેમ નતી.
કારણ કે આપણે દૂર દૂર રહેતા હોઈએ છીએ...
પણ કયારેક આપણે કોઈકને એકાદ પત્ર લખી શકીએ કે,
કોઈ એકલવાયા જીવને ઉલ્લાસ આપી શકીએ....

- માઈકલ રૉય

આ ઝડપનો યુગ છે, ફટાફટીયો યુગ છે, ઈન્સ્ટન્ટ કામ જોઈએ... ઝટ-પટ, ખટ-પટ, પટ-પટ નો આ સમય છે... અને આ જેટ યુગમાં આપણે એવી ફરિયાદ કરતા રહીએ છીએ કે ટાઈમ જ નથી મળતો... પોતાની માટે પણ સમય ન ફાળવી શકનાર વ્યક્તિ બીજા માટે તો શું કરી શકે ?

આપણે ઝાઝુ કરી શકીએ તેમ નથી. આપણે સમાજ સુધારણા તો ઠેકો માથે ઉપાડીને ચાલવાની જરૂર નથી, આપણે અલ્પમતિ છીએ. સમાજસુધારકની પેઠે બધું ઉપાડીને ચાલવા કરતા, નાના નાના કામ કરીએ જે આપણાથી બની શકે તેમ છે. બસમાં જતા હોઈએ, ચિક્કાર બસ ભરેલી હોય ત્યારે કોઈ વૃદ્ધ ઊભા હોય તો આપણી સીટ એમને આપીએ, આ સમાજ સેવા જ છે.

કોઈ કારણસર પોસ્ટ ઓફિસ ગયા હોઈએ, અને કોઈ ગ્રામીણ મનીઓર્ડર કેમ કરવો એ ન જાણતો હોય ત્યારે તને સહાય કરીએ એ સમાજ સેવા જ છે.

આપણે પાટનગરવાસી છીએ, આપણા નગરમાં સરકારી કચેરીઓની ભરમાર છે. ગુજરાતના ખૂણે ખૂણેથી લોકો આવે છે અને આપણી ભૂલભૂલૈયા નગરીમાં ગોથે ચડે છે, આવી કોઈ ભટકતી આત્મા મળી જાય તો એને પરમાત્મા સમજીને સાચું ઠેકાણું દેખાડીએ આ સમાજસેવા છે.

કોઈ મંદિરમાં દાન આપીને પાવતી ફડાવવી, તકતી મૂકાવવી. થાળ ચડાવવા. ઝૂપડપટ્ટીમાં પુસ્તકોનું વિતરણ કરાવવું, રોગનિદાન કેમ્પ કરાવીને વર્તમાનપત્રોમાં પ્રેસનોટ આપવી. આવા ભારેખમ કામ સેવાભાવી સંસ્થાઓ કરે છે, પરંતુ સામાન્ય વ્યક્તિ તરીકે આપણે શું કરી શકીએ !

અમસ્તા - અમસ્તા એકબીજાને મળવા જવાય જ નહીં, અન્યથા વેદીયા કહેવાઈએ આ માનસિકતા છોડી દઈએ. આપણા સ્વજનો, આત્મીયોને મળતા રહીએ...

છેલ્લે કોઈને ૫૦ પૈસાનું પોસ્ટકાર્ડ કયારે લખ્યું હતું. તે યાદ છે ? મોબાઈલના સમયમાં પોસ્ટકાર્ડ કયાંથી યાદ આવે ! દૂર-દૂર વસતા આત્મીયને, મિત્રને સગાને કાગળ લખીએ, ત્યારે વાંચનારને જે આનંદ આવે છે તે અવર્ણનીય છે.

જીવનમાં ઘણીવાર આવા નાના-નાના કામ જ વધારે આનંદ આપી જતા હોય છે. એક વાકય વાચ્યું હતું... જીવનમાં સુખી થવું હોય તો દિવસમાં એકવાર કોઈ વૃદ્ધને અને કોઈ શિશુને ખરા દિલથી મળવા જાવ.

વૃદ્ધ અને શિશુ બે પરિમાણ છે. વાસ્તવનું દર્શન કરાવનાર છે, અને આ બંનેને મળવા જવા માટે બહાર કયાંક ફાફા મારવાની જરૂર નથી. ઘરમાં દાદા-દાદી અને નાના ભૂલકાના સ્વરૂપે આપણી આસપાસ જ હોય છે.

કોઈને આનંદ આપીએ ત્યારે બમણો આનંદ આપણે મેળવતા હોઈએ છીએ... આથી જીવનમાં આવા અલ્પ અને તુચ્છ લાગતા કાર્ય જયારે ચીવટથી આપણે કરવા લાગીશું ત્યારે પરમાત્મા તરફની આપણી દિશામાં ચોક્કસ પણે ઝડપથી પહોંચવાની લાગણી અનુભવાશે...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

### ડરની દિવાલ પાછળ સંકોચાઈને બેસનારા કાયરોની કમી નથી

# જીવનનો પ્રત્યેક શ્વાસ મસ્તીભર્યો હોવો જોઈએ



**આત્મનાદ**

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

ડર લાગે છે ? કંઈ વાંધો નહીં, ડર લાગે તો ચોક્કસ ડરવુ. રડવું આવે છે ? બિલકુલ મન ભરીને રડી જ લો. પણ યાદ રાખવું કે, જિંદગીમાં હાર કેવી રીતે કબુલી લેવાય ? વિપરીત પરિસ્થિતિથી ભાગી કેવી રીતે જવાય ? લોકો કહેતા હોય છે કે, 'ફેઈલીયોર'નો કોઈ વિકલ્પ નથી. સાચું પૂછો તો, નિસ્ફળતા સ્વયં એક મોટો વિકલ્પ બનીને ઊભરી આવતી હોય છે. અસફળતા મળે ત્યારે જ સફળતાના અનેક માર્ગો દેખાવા લાગતા હોય છે.

અલગ અલગ પ્રકારના ભયનું સામ્રાજ્ય સતામણી કરતું હોય છે. કોઈની સામે વિચારો ન મૂકી શકવાનો ડર, એકલતાનો ભય, પછડાટનો વલવલાટ, સલામતીના ચોકઠાની બહાર નીકળવાનો ડર, સવલતો છૂટી જવાનો ભય વગેરે જેવા ડર હંમેશા માનસપટની આસપાસ ભયંકર ભરડો લઈને બેઠાં હોય છે. આવા ભયની એક એક ઈંટથી ડરની એક દિવાલ ઊભી થઈ જતી હોય છે. ડરની આ દિવાલ વ્યક્તિ જાતે જ બનાવી દે છે. પછી આ દિવાલની પાછળ લપાઈને સલામત વિસ્તારમાં સંકોચાઈને બેસી જાય છે. ડરની દિવાલ પાછળ સંકોચાઈને બેસનારા આવા કાયરોની દુનિયામાં કમી નથી. ડરની દિવાલનો પાયો બાળપણથી જ ખોદાઈ જતો હોય છે. 'બેટા સંભાળીને ચાલજે. તને વાગી ન જાય.' થોડા મોટા થઈએ એટલે 'કાલે કોઈ તને પૂછશે નહીં...' વગેરે જેવા તાતાતીર સલામતી, નિષ્ફળતા, વિચારો અભિવ્યક્ત કરતાં અટકાવવા માટેના ભયનું મસમોટું સામ્રાજ્ય ખડું કરી દેતાં હોય છે. ડર નામની આ દિવાલ આત્મવિશ્વાસ અને કાર્યશક્તિ સામે સૌથી મોટો પડકાર બની જાય છે.

વિજય શેખર શર્માને આખી દુનિયા અબજોપતિ સફળ ઉદ્યોગપતિ તરીકે ઓળખે છે. બહુ ઓછાને ખબર છે કે, આ એ જ વિજય શેખર શર્મા છે કે, જેણે મિલિયન ડોલર કંપનીનું સપનું જોયું હતું ત્યારે એના ખીસ્સામાં દસ રૂપિયા પણ નહોતાં. ઉત્તર પ્રદેશના અલિગઢના ઈમાનદાર શિક્ષક અને હાઉસ વાઈફ કપલના સાધારણ કુટુંબમાં જન્મેલા વિજય શેખરે પ્રાથમિક લેવેલ શિક્ષણ હિન્દીમાં લીધું. વિજય શેખર અભ્યાસમાં હંમેશા પ્રથમ આવતાં. જ્યારે દિલ્હી કોલેજ ઓફ એન્જિનિયરીંગમાં ઉચ્ચ અભ્યાસ માટે વિજય શેખર ગયા ત્યારે હિન્દી મીડીયમના પ્રાથમિક અભ્યાસના કારણે અંગ્રેજીમાં ફાવટ ન હોવાથી ખૂબ મુંઝાયા. અંગ્રેજી ન આવડવાથી એ સતત ડર અનુભવતા.

સામાન્ય પરિવાર, આર્થિક તંગી, અંગ્રેજીમાં અણઆવડત જેવા અનેક પ્રશ્નોથી ઘેરાયેલા વિજય શેખરે હાર ન માની. અંગ્રેજી પુસ્તકો અને મેગેઝીનો ઉથલાવીને અંગ્રેજીની અણઅવડતની દિવાલ એમણે તોડી નાખી. સમીર ભાટીયાથી પ્રભાવિત વિજય શેખરે ઈન્ટરનેટની દુનિયામાં ધમાકો કરવાનું મનોમન નક્કી કરી લીધું. રણસંગ્રામ તો એમણે નક્કી કરી લીધો હતો. જંગમાં કુદી પણ ગયા. સ્ટેનફોર્ડના કેટલાક જીનીયસ મિત્રોને ફોલો કરીને વિજય શેખરે આત્મવિશ્વાસથી 'કોડીંગ ટેકનોલોજી' શીખી. વિજય શેખરે 'કોનેન્ટ મેનેજમેન્ટ સીસ્ટમ', સીએમએસ ડેવલપ કરી. મીડીયા ટાયફૂન, ધ ઈન્ડિયન એક્ષપ્રેસ સહિત કેટલાક મોટા અખબારોએ સીએમએસનો ઉપયોગ કરવા માંડ્યો. કોલેજના ત્રીજા વર્ષમાં જ વિજય શેખરે એક મિત્રની મદદથી Xs નામની કંપની શરૂ કરી. ૧૯૯૯માં અમેરિકાની લોટસ નેટવર્કને વિજય શેખરે પાંચ લાખ ડોલરમાં એની Xs કંપની વેચી નાખી.

૨૦૦૧માં વિજય શેખરે ONE97 કંપનીની સ્થાપના કરી. .com ના પ્રભાવથી આ કંપની ચાલી ન શકી. વિજય શેખરને ભયંકર આર્થિક નુકસાનનો સામનો કરવો પડ્યો. એ બિલકુલ ધરાશાયી થઈ ગયા. એમના પાર્ટનરો પણ છોડીને ચાલ્યા ગયા. વિજય શેખર રોડ ઉપર આવી ગયા. વિજય શેખર પરિસ્થિતિના ગુલામ ન બન્યા. GSM અને CDMA મોબાઈલ ઓપરેટર્સ માટે વિજય શેખરની ઈનોવેટિવ સર્વિસ પ્રોવાઈડર ઉપયોગી થવા લાગ્યું. વિજય શેખરની કંપની ONE97 ખૂબ ઝડપથી આગળ આવી ગઈ. હારથી ડરીને ન ભાગેલા વિજય શેખર શર્માને ઈકોમોનિક્સ ટાઈમ્સે ભારતના 'હોટેસ્ટ બિજનેસ લિડર'નું બિરુદ આપ્યું છે. જ્યારે એમ લાગે કે, આ કામ નહી થઈ શકે ત્યારે ડર લાગે એ બહુ સ્વાભાવિક પ્રક્રિયા છે. ડરને કારણે જે વ્યક્તિ મેદાન છોડી દે છે તે લડ્યા પહેલાં જ હારને શરણે જતો રહે છે. પહાડની ટોચ ઉપરથી વહેતી નાનકડી ધારા નદી બનીને ક્યારેય સમુદ્ર કેટલો દૂર છે એવું ક્યાં પૂછે છે ?

વિજય શેખર શર્મા જેવી જ રૂંવાડા ખડા કરી નાખે એવી જબરજસ્ત કહાની મુનિમા મઝારીની છે. કલાકાર, મોડેલ, સોશ્યલ એક્ટિવિટ્સ મોટીવેશનલ સ્પીકર, ટીવી હોસ્ટ જેવા અનેક ક્ષેત્રોમાં સફળ એવી પાકિસ્તાનની મુનીમા મઝારીની વાત એક ફાઈટર જેવી છે. જીવનમાં ભયાનક પરિસ્થિતિઓનો મક્કમ મુકાબલો કરીને આ છોકરીએ જિંદગીનો જંગ જીત્યો છે. એ ૧૮ વર્ષની હતી ત્યારે પિતાજીની ઈચ્છા અનુસાર લગ્નની સંમતિ આપી. લગ્નના એકાદ બે વર્ષમાં જ મુનીમાની કારને ભયંકર એક્સિડન્ટ થયો. આ અકસ્માતમાં એનો પતિ બચી ગયો. મુનીમાને શરીરમાં અનેક ઠેકાણે ફ્રેકચર થયા. એની કરોડરજ્જૂ ઉપર જોરદાર અસર થઈ. મુનીમા પથારીવશ બની ગઈ. એ અનેક શારીરિક અને માનસિક મુશ્કેલીઓમાં સપડાઈ ગઈ.

મુનીમાને સૌથી મોટા બે ડર હતા. એક તો, એનો પતિ એને હવે છોડી દેશે અને બીજો ડર ભવિષ્યમાં મા બનીને ફરી સંસાર માંડી શકશે કે કેમ ? એના આ બંને ડર સાચા પડ્યા. ડોકટરોએ મુમીનાને કહી દીધું કે, એ ભવિષ્યમાં ઊભી થઈને ચાલી શકશે કે કેમ એ જ શંકાનો વિષય છે અને એ ક્યારેય માતૃત્વ હાંસલ કરી શકશે નહીં. એનો બીજો ડર પણ સાચો પડ્યો. મુનીમાના પતીએ એને તલાક આપીને બીજા નિકાહ પઢવાનો નિર્ણય કર્યો.

મુનીમાની નજર સામે ભયંકર બ્લેક હોલ જેવી પરિસ્થિતિ ઊભી થઈ ગઈ. એ ખૂબ ડરી ગઈ. ચોધાર આંસુએ દિવસો સુધી એ રડતી રહી. પણ મુનીમાએ હાર ન માની. હોસ્પિટલની સફેદ છત અને સફેદ દિવાલો જોઈને ત્રસ્ત મુનીમાએ કલર, પીંછી અને કેનવાસ મંગાવ્યા. કેનવાસ ઉપર એણે હૃદયની ઉર્મિના અદભુત રંગો ઉતાર્યા. મુનીમાના ચિત્રો જોઈને લોકો આફરીન પોકારી ગયા. અનેક ઝંઝાવાતોનો સામનો કરી રહેલી અને હોસ્પિટલની પથારીમાંથી અસ્તિત્વનો જંગ લડતી મુનિમાના રૂપમાં એક કલાકારાનો ઉદય થયો હતો. એણે એના પતિને બીજા નિકાહ માટે હસતે મોંએ પાક-સાફ હૃદયથી લેખિતમાં શુભકામનાઓ પાઠવી. મા-બાપ વગર તરછોડાયેલા બાળકોની સંસ્થામાંથી એણે એક સુંદર મજાનું બાળક ગોદ લઈને એની માતૃત્વની અભિલાષાને પણ પરિપૂર્ણ કરી. આત્મવિશ્વાસપૂર્વક થોડાક જ સમયમાં એ બેઠી થઈ ગઈ. ટીવી એન્કર બની. સાથે સાથે મોડેલિંગ પણ શરૂ કર્યું. મુનીમા વિશ્વભરમાં લોકોના આત્મવિશ્વાસને જગાવવા માટે મોટીવેશનલ સ્પીચ પણ આપવા લાગી. મહિલા અને બાળકો માટે એણે સમાજસેવાનું અભિયાન ઉપાડ્યું. ૨૦૧૬માં પ્રતિષ્ઠિત ફોર્બ્સ મેગેઝીમાં 'વર્લ્ડ ટોપ ફીફ્ટી પર્સનાલિટી'માં મુનીમા સ્થાન પામી.

મુનીમા ડરી જરૂર પણ ભાગી નહી. એ ચોધાર આંસુએ રડી ખરી પણ હારી નહીં. અસફળતા જીવનને વારંવાર તબાહ કરી નાખવાની કોશિશ કરે પણ હાર માન્યા વગર સફળ થવાનો ઉત્સાહ જળવાઈ રહે એ જીવનનું સાચું પારસમણી છે. જાણીતા ચિંતક અને બ્રિટનના પ્રધાનમંત્રી વિસ્ટન ચર્ચિલે તેમના એક પીસમાં લખ્યુ છે કે, અસફળતાનો ડર કરતાં સફળતા મેળવવાનો ઉત્સાહ જ્યારે મોટો હોય છે ત્યારે જીતની તૈયારી જતી હોય છે. ચિંતાનો વિષય એ ન હોવો જોઈએ કે, અસફળ થયા છીએ. ચિંતા તો એ વાતની હોવી જોઈએ કે, નિષ્ફળતા મળે પછી એનાથી સંતોષ માનીને સફળ થવા માટેના ખ્યાલને છોડી દેવામાં આવે. નિષ્ફળતાનો સ્વીકાર સૌથી મોટી કાયરતા છે.

એપલથી આખી દુનિયામાં જાણીતા સ્ટીવ જોબ્સની કહાની અજાણી નથી. કેન્સરથી પીડાતો સ્ટીવ કહેતો કે, 'હું જલદી મૃત્યુ પામવાનો છું અને મારી પાસે સમય બહુ ઓછો છે એ વાસ્તવિકતા સમજવાથી મને મોટા નિર્ણય લેવામાં ઘણી સુગમતા રહી.' જયારે મૃત્યુ વિશે વિચાર આવે ત્યારે ગર્વ, અસફળતા, અપેક્ષાઓ વગેરેનો ડર ગાયબ થઈ જતો હોય છે. ફક્ત એ જ બાકી રહે છે જે ખરેખર જરૂરી હોય. મૃત્યુના વિચાર માત્રથી હારનો ખ્યાલ મગજમાંથી નેસ્તનાબૂદ થઈ જાય છે. જીવનનો પ્રત્યેક શ્વાસ મસ્તીભર્યો હોવો જોઈએ. શ્વાસે શ્વાસે આત્મવિશ્વાસનો સંતોષ હોવો જોઈએ. જીવનના પ્રત્યેક દિવસને દિવાળીની જેમ ઉજવવા જોઈએ. મોત પહેલાં હાર માનીને શા માટે મરવાનું ? મરે ત્યા સુધી જીવતાં રહીને જીવનની પ્રત્યેક પળને માણે એ જ સાચો વીર.

કોઈપણ સફળતા આખરી નથી હોતી, અને કોઈપણ નિષ્ફળતા ક્યારેય ઘાતક નથી હોતી. આઈરીશ કવિ ઓસ્કર વાઈલ્ડના મંતવ્ય મુજબ મહત્વાકાંક્ષાઓના ડુંગર વિફળતાઓનું અંતિમ સ્થાન ગણવું જોઈએ. વિપરિત અને વ્યાકૂળ પરિસ્થિતિ જ અસંતોષનું કારણ છે, આ અસંતોષ પ્રગતિની પ્રાથમિક જરૂરિયાત છે. પ્રગતિનું ઝુનુન જીતનું છડીદાર છે. જીવનમાં ભયાનક અખતરા કર્યા છે અને નિષ્ફળતા મળે છે તો એ મંજુર છે. અસફળતાના ડરથી ડર લાગ્યો છે એને ચોક્કસ માફ કરી શકાય. પણ હાર માની લે અને મેદાન છોડીને ભાગી જાય એ ક્યારેય માફીને લાયક નથી.

**ધબકાર :**

**ભંવર સે લડો, તુન્દ લહરો સે ઉલઝો,**
**કહાં તક ચલોગે કિનારે કિનારે...**